જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૬/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૬૭/૧૮

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

### મિલ્કત સબંધી ગુનાના આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સપેક્ટર.ઓઢવ પો સ્ટેશન.નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા હે.કો અજીતસિંહ માનસિંહ બનં-૭૯૧૨ તથા પો.કો ત્રીપાલસિંહ રઘુવીરસિંહ બન-૪૭૯૯ તથા પો.કો સંદીપકુમાર જયંતીલાલ બનં-૧૦૧૬૩ તથા પો.કો અજીતભાઈ ખીભાઈ બનં-૪૨૯૪ તથા અન્ય સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે ઓઢવ પો સ્ટેશન-ફ.ગુ.ર.નં-૧૩૭/૧૮ ઈપીકો કલમ.૩૭૯ મુજબના કામના આરોપી " બપ્પા @ રાજ સ.ઓ સમીરભાઈ જાતે.ભટ્ટાચાર્ય ઉવ.૧૮ રહેવાસી.ઈશ્રવરભાઈની ચાલી, મીરાબાઈના પુતળાની પાસે મહેશ્રવરીનગરની પાસે તક્ષશીલા રોડ ઓઢવ અમદાવાદ શહેર.નાઓને ચોરીના હોન્ડા કંપની સાઈન બાઈક નંબર GJ-01-PF-6565 જેનો ચેચીસનં જોતા ME4JC36JJC7156344 તથા એંજીન નંબર જોતા JC36E7237083 જેવો વંચાય છે.જેની કીરૂ.૨૦,૦૦૦/- ગણાય તે સાથે પકડી પાડી ઓઢવ પો સ્ટેશન-ફ.ગુ.ર.નં-૧૩૭/૧૮ ઈપીકો કલમ.૩૭૯ મુજબના ગુનામાં ઉપરોક્ત આરોપીને તા.૨૦/૦૬/૧૮ ના કલાક.૨૦/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.જે ગુનાની તપાસ હાલમાં ચાલુમાં છે.

## દરીયાપુર પોલીસ સ્ટેશન :-

### લુંટનો ભેદ ઉકેલતી દરીયાપુર પોલીસ

દરીયાપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૫/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૯૨,૧૧૪ મુજબના કામે હકિકત એવી છે કે આ કામના ફરીયાદી જુનેદભાઇ ઝાકીરભાઇ યાકુબ ભાઇ જાતે વડગામા( મુસ્લીમ) ઉ.વ.૨૨ રહે,ભોજવા ,ગેલવાસ તા.વિરમગામ જી. અમદાવાદ નાઓ તા.૧૯/૬/૨૦૧૮ ના કલાક ૧૬/00 વાગ્યાના સુમારે દરીયાપુર પ્રેમ દરવાજાથી કાલુપુર ફુટ માર્કેટમાં જાહેર રોડ પરથી ચાલતા જતા હતા તે વખતે એક અજાણ્યા ઇસમે સામેથી ચાલતા આવી ફરી સાથે ઇરાદા પુર્વક અથડાઈ ફરી.સાથે ઝપા ઝપી કરી ફરી.શ્રીના ખિસ્સામાંથી મો.ફોન કિં રૂ.૪000/-ની લૂંટ કરી દોડી રીક્ષા નં. જી.જે.0૧ ડી.વાય.૨0૪૩ લઈને ઉભેલ ઇસમ સાથે રીક્ષામાં બેસી નાસી જઈ એકબીજા ની મદદગારીથી ગુન્હો કરેલાની ફરીયાદીશ્રીએ જાહેરાત કરતા ઉપરોકત નંબરેથી ગુનો દાખલ થયેલ હોઇ સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એસ.જે.મોદી તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટરશ્રી બી.આર.સંગાડા સા.નાઓના માર્ગદર્શન હેઠળ અમો તથા સર્વે લન્સ સ્કોડના માણસો ઉપરોક્ત વણશોધાયેલા મિલ્કતસબંધી ગુનાના ડીટેકશન માટે પો.સ્ટે વિસ્તાર પેટ્રોલીંગ માં હતા દરમ્યાન હે.કો.સંજયભાઈ રામાભાઈ બનં-૮૯૭૧ તથા હે.કો રમેશભાઈ સોમા ભાઈ બનં-૩૭૯૮ નાઓની સયુંકત બાતમી હકીક્ત આધારે આ કામના આરોપીઓ નં.(૧)સાજીદભાઈ સન/ઓ અબ્દુલગની અબ્દુલજબ્બાર શેખ ઉ.વ-૩૧ રહે- જયુપિટર મીલની ચાલી દુધેશ્વર પાણીની ટાંકી પાસે માધુપુરા અમદાવાદ શહેર તથા સિપાઈ વાસ બાબુધાંચીની ચાલી સરખેજ અમદાવાદ તથા નં.(૨) ઈસ્તીયાક એહમદ સન/ઓ મુસ્તાકએહમદ સફીમહમદ શેખ ઉ.વ-૨૪ રહે- બાગે ફીરદોસ સોસાયટી જુહાપુરા અમદાવાદ શહેર નાઓ ઉપરોક્ત ગુનામા લુંટ કરેલ મોબાઇલ ફોન કિ.રૂ. ૪,000/-નો તથા ગુનામાં વાપરેલ રીક્ષા સાથે મળી આવતા બંને ઇસમોને ને તા- ૧૯/૬/૧૮ ના કલાક ૨૨/00 વાગે પકડી અટક કરી તમામ મુદ્દામાલ પંચનામા વીગતે કબજે કરી સદરી બંને ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ગુનો બન્યાના ગણતરીના કલાકોમાંજ લુંટનો ગુનો ઉકેલી કાઢી પ્રસંશનીય કાર્યવાહી કરેલ છે.

તેમજ આ કામના ઉપરોકત આરોપીઓ તા:૨૨/0૬/૨૦૧૮ ના કલાક ક.૧૭/00 સુધી રીમાન્ડ પર છે. અને હાલમાં વધુ તપાસ ચાલુ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

“કાગડાપીઠ” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “કાગડાપીઠ” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.